**પ્રેસનોટ**

---

## આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રગતિશીલ ખેડૂતો માટે 'પ્રાકૃતિક ખેતી' તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો

ગુજરાત રાજયના માન. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત દ્વારા પ્રાકૃતિક કૃષિ ગુજરાતના તેમજ દેશના ખેડૂતો અપનાવે તે માટે સનિષ્ઠ પ્રયત્નો કરવામાં આવેલ છે. જે અન્વયે માન. કુલપતિશ્રી, આકૃયુ, આણંદ ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા શિક્ષણ , સંશોધન અને વિસ્તરણની પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે. જેના ભાગ રૂપે એગ્રોનોમી વિભાગ , બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ દ્વારા તા. ૦૨ થી ૦૬ જાન્યુઆરી , ૨૦૨૩ દરમ્યાન પાંચ દિવસીય પ્રાકૃતિક ખેતી અંતર્ગત ખેડૂતો માટેનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સદર તાલીમમાં મેહસાણા, આણંદ, ખેડા, છોટાઉદેપુર, નર્મદા, પંચમહાલ તથા અરવલ્લી જિલ્લાના પ્રાકૃતિક ખેતીમાં રસ ધરાવતા ૪૨ ખેડૂત ભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો , જેમાં ખાસ કરીને ૧૩ મહિલા તાલીમાર્થીઓ સામેલ હતી. ડૉ. વાય. એમ. શુક્લા, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદે સદર તાલીમના ઉદ્ઘાતટન સમારોહના વકતવ્યમાં પ્રાકૃતિક ખેતીની જરૂરિયાત વિષે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. તેમજ જણાવેલ કે ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની બૌધિક અને પ્રાયોગિક તાલીમ મળી રહે તે ઉદેશ્યથી પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યક્રમ યોજ્વામા આવેલ છે.

સદર તાલીમ કાર્યક્રમમાં વિવિધ વિષય નિષ્ણાંતો દ્વારા પ્રાકૃતિક ખેતીના વિવિધ આયામો જેવા કે, પોષણ વ્યવસ્થામાં જીવામૃત, ઘનજીવામૃત , બીજામૃત, પાક સંરક્ષણમાં નીમાસ્ત્ર, બ્રહ્માસ્ત્ર , અગ્નિઅસ્ત્ર , દશપર્ણિઅર્ક, આચ્છાદન , મિશ્રપાકોની પસંદગી તથા દેશી ગાયનું મહત્વ પ્રાકૃતિક ખેતીમાં આવતી મુશ્કેલીઓ-સમાધાન-ઉકેલ વગેરે વિષે વિસ્તૃતમાં ચર્ચા કરવામાં આવેલ , જેથી ખેડૂતોમાં પ્રાકૃતિક ખેતી તરફનો અભિગમ વધે અને રસાયણ મુક્ત અનાજ– શાકભાજી- ફળ વગેરે ઉત્પાદન કરી વધુ સારૂ વળતર મેળવી શકાય.

તાલીમાર્થીઓને પ્રાકૃતિક કૃષિ વિશે વધુ પ્રેરણાબળ મળી રહે તેવા ઉમદા હેતુથી તેઓને આણંદની આજુબાજુ પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા પ્રગતિશીલ ખેડૂત અરૂણકુમાર શાહ, સંજીવની ફાર્મ, પીપળાતા તથા ઉમેશગીરી ગોસ્વામી, ગીરી ફાર્મ, નરસંડા તથા એગ્રોનોમી વિભાગ દ્વારા ફાર્મ ઉપર લેવામાં આવેલ પ્રાકૃતિક કૃષિના સંશોધન અખતરાઓની પણ રૂબરૂ મુલાકાત કરાવવામાં આવી હતી.

તાલીમ કાર્યક્રમના અંતમા માન. કુલપતિશ્રી, ડૉ. કે. બી. કથીરિયા, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડૉ. એચ. બી. પટેલ તથા ડૉ. વાય. એમ. શુક્લા , આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી અને પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી વિભાગ , ડૉ. વી. જે. પટેલના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્ર તથા કીટ નું વિતરણ કરવામાં આવેલ હતું.

તાલીમ કાર્યક્રમના અંતમાં ખેડૂતોનો અભિપ્રાય પણ લેવામાં આવેલ. માન. કુલપતિશ્રી , ડૉ. કે. બી. કથીરીયાએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની અગત્યતા અને તકો વિશે જાણકારી આપેલ તેમજ પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરેલ. વધુમાં તેઓએ સરકારશ્રીની ખેડૂતલક્ષી વિવિધ યોજનાકીય માહિતી આપી હતી અને ખેડૂતોને ખાસ દેશી ગાયના પાલન માટેની સહાય બાબતે અવગત કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ અને પરિણામલક્ષી બનાવવા માટે તાલીમ સંયોજક ડૉ. જી. એન. મોટકા તથા ડૉ. વી. જે. પટેલ, ડૉ. પી. એમ. પટેલ, ડૉ. જે. સી. શ્રોફ , ડૉ. વી. ડી. ચૌધરી, અને ડૉ. એ. પી. પટેલ દ્વારા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવામાં આવેલ.

## <u>પ્રાકૃતિક ખેતી તાલીમ કાર્યક્રમની ઝાંખી</u>






